નવસારી કૃષિ યુનિવર્સિટીના
Accreditation બાબત

# :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ, સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટીનું Accreditation ટૂંક સમયમાં થનાર છે તથા યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રી/કર્મચારીઓના સહયોગથી કુલસચિવની કચેરીના સ્ટાફ અને નિયુક્ત કરેલ ટાસ્ક ફોર્સની મદદથી રીપોર્ટ તૈયાર કરવાનું કામ યુદ્ધના ધોરણે ચાલુ છે આથી માન. કુલપતિશ્રીના આદેશ અનુસાર જણાવવાનું કે આપના યુનિટ, સબ-યુનિટની માહિતી તાત્કાલિક આપવાની હોય અને અત્રેથી સંપર્ક કરવામાં આવે ત્યારે હકારાત્મક અભિગમ અપનાવી સમય મર્યાદામાં માહિતી આપવાની રહેશે અને જો તેમ કરવામાં નહીં આવે અને રીપોર્ટમાં માહિતી અધુરી રહેશે કે રીપોર્ટ તૈયાર કરવામાં વિલંબ થશે તો તેની તમામ જવાબદારી માહિતી ન આપનારની રહેશે.

વધુમાં ટૂંક સમયમાં Accreditation થવાનું હોવાથી વેબસાઈટ પરની યુનિટ, સબ-યુનિટની તમામ માહિતી તારીખ ૨૮/૦૭/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં અપડેટ કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીના આદેશ અનુસાર જારી કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/પીએસ ટુ આર/૭૬૯૭-૯૯ /૨૦૨૧
નવસારી, તારીખ ૨૫/૦૭/૨૦૨૧

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના:**
૧. તમામ યુનિવર્સિટી ઓફિસરશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
૨. તમામ કોલેજ/પોલીટેકનીકના ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું
૩. તમામ યુનિટ, સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું